| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૯/૦૫/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૮૭૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૫/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૩૬૩ | ૩૨ | ૮૩૯૫ | ૧૪૪૨૩ | ૪૧ | ૧૪૪૬૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૧૮૬ | ૩ | ૪૧૮૯ | ૫૬૯૩ | ૩ | ૫૬૯૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૪ | ૦ | ૨૪ | ૧૯૦ | ૦ | ૧૯૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૬૬૩ | ૨૨૪ | ૬૮૮૭ | ૭૪૬૮ | ૨૪૭ | ૭૭૧૫ |
| કુલ | | ૧૯૨૩૬ | ૨૫૯ | ૧૯૪૯૫ | ૨૭૭૭૪ | ૨૯૧ | ૨૮૦૬૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૫૧ | ૧,૦૧,૦૦૦/- |

# જાહેરનામાનો ભંગ કરતા આરોપીઓની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## નોવેલ કોરોના COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામાંનો ભંગ કરતા ૯ ઇસમોની અટકાયત કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનીયર પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ લોકો વાહનો ઉપર તેમજ વ્યાજબી કારણ વગર રોડ-રસ્તાઓ ઉપર ફરે નહી તે સારૂ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઇલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૨૪/૦૫/૨૦૨૦ નો ભંગ કરનાર ૯ ઇસમોને આજરોજ તા.૨૮/૦૫/૨૦૨૦ પકડી અટક કરી તેમના વિરુધ્ધમાં ધી ઇપીકો કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ-૫૧ (બી) તથા મુજબ જાહેરનામા ભંગના કુલ-૦૯ કેસો કરવામાં આવેલ છે.

## આરોપીઓના નામ ;-

(૧) દિલીપભાઇ ગોવિંદભાઇ પટેલ ઉ.વ.૫૦ રહે.મ.નં-૫ નળકુંજ સોસાયટી,કેમ્પ રોડ શાહીબાગ,અમદાવાદ શહેર + ૮ =૯

## કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શીવસિંહ બ.ન.૯૬૬૭ તથા અ.હે.કો. રોહીતસિંહ રણજીતસિંહ બ.ન.૫૬૮૨ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભુપેન્દ્ર કરશનભાઇ બ.નં-૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## COVID-19 વાયરસ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગ કરતા ૧૪-ઇસમોની અટકાયત કરી કુલ્લે-૧૪ કેસો કરતી કૃષ્ણનગર પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય અને ભારતમાં પણ COVID-19 ના કેશો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેશો પ્રકાશમાં આવેલ હોય અને અમદાવાદ શહેર વિસ્તાર વસ્તીની દષ્ટ્રીએ ગીચ અને ભીડભાડ વાળો હોય નોવેલ કોરોના વાયરસ જડપથી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવરજવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ વ્યાજબી કારણ વગર સાંજના સાત વાગે થી સવારના સાત વાગ્યા સુધી સખ્ત કર્ફ્યુમાં ફરતો ન જણાઇ તેમજ મોટર સાઇકલ ઉપર એક થી વધુ ઇસમો સવાર ના થાય તથા સોશીયલ ડિસ્ટન્શ મેન્ટેન કર્યા વગર ગ્રાહકોને ભેગા કરી તથા સ્કેનીગ કાર્ડ વગર વેપાર ધંધો ચાલુ ન રાખવા મોબાઇલ ગાડીઓ દ્વારા વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા આજરોજ તા.૨૮/૦૫/૨૦૨૦ ના રોજ લોકડાઉન ના દિન-૬૫ ને લઇને સવારના ક.૦૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ જગ્યાઓએ રોડ ઉપર જાહેરમાં સખ્ત કર્ફ્યુમાં તથા મો.સા. ઉપર એક થી વધુ વ્યક્તિ સવારી કરી તથા સોશીયલ ડિસ્ટન્શ મેન્ટેન કર્યા વગર ગ્રાહકોને ભેગા કરી તથા સ્કેનીગ કાર્ડ વગર વેપાર ધંધો ચાલુ રાખી ૧૪-ઇસમો મળી આવેલ અને તેઓ તમામે મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર ની કચેરીના જાહેરનામાં ક્રમાંક/વિ.શા/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦ નો ભંગ કરતા અલગ-અલગ કુલ્લે-૧૪ ઇસમો ની અટક કરી તેઓના વિરૂધ્ધમાં ધી.ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૦૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ કુલ્લે-૧૪ કેસો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તા.૨૮/૦૫/૨૦૨૦

## આરોપીઓના નામ:-

પ્રકાશસિંહ બહાદુરસિંહ જાતે વાઘેલા ઉ.વ. ૩૬, રહે. મ.નં. એ/૬૨, અરિહિંત સોસાયટી, આદિશ્વર કેનાલ પાસે નવા નરોડા અમદાવાદ શહેર + ૧૩ = ૧૪

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

શ્રી જે.બી.ચૌહાણ પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા સાથેના સ્ટાફના માણસો અ.હે.કો. કલ્પેશભાઇ રણછોડભાઇ બ.નં. ૫૦૭૧ તથા લોકરક્ષક કાનુભા જગદીશસિંહ બ.નં.૭૦૯૮ તથા લોકરક્ષક સતીષભાઇ જેન્તીભાઇ બ.નં. ૫૩૧ તથા બીજા સ્ટાફના માણસો

**આરોપીઓનો ફોટો**



## નરોડા પોલીસ સ્ટેશન :-

## COVID-2019 વાયરસ અનુસંધાને મે. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરતા અલગ અલગ કુલ ૧૬ ગુનામાં કુલ ૨૬ ઇસમોની અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ.પોલીસ ઈન્સપેકટર જે.જી.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના તા-૦૮/૧૧/૧૯૮૨ નોટીફીકેશન નં-જીજી/૪૨૨/સીઆર્સી/૧૦૮૨/એમ તથા ગ્રુહ વિભાગ તા-૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં-જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અંવયે જાહેરનામા ક્રમાંક:વીશા/જાહેરનામુ/એ-સેક્શન/પરમીટ-૨૦/૨૦૨૦ તા-03/૦૫/૨૦૨૦ થી જાહેર નામાનો ભંગ કરનાર ઇસમો મળી આવતા તેમના વિરૂધ્ધમા આજરોજ તારીખ-૨૨/૦૫/૨૦૨૦ ના રોજ ધી ઇ.પી.કો કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ તથા એપેડમિક ડેસીજ એક્ટ કલમ-3 તથા ડિઝાસ્ટર મેનેજમેંટ એક્ટ (૨૦૦૫) ની કલમ ૫૧(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી કુલ અલગ અલગ ૧૬ કેસ કરવામાં આવેલ જેમાં કુલ ૨૬ આરોપીઓને પકડી અટક કરવામા આવેલ છે.

આજ રોજ ૧૮૮ મુજબ કુલ ગુના - ૧૬ જેમાં કુલ ૨૬ આરોપીઓ અટક કરવામાં આવેલ છે.

(૧) આશીષ સ/ઓ દિલીપભાઇ જાતે- સોની ઉ.વ.૨૪ ધંધો- વેપાર રહે- મ.નં. એ/03 બંગ્લોઝ સરદાર ચોક ક્રુષ્ણનગર અમદાવાદ શહેર + ૨૫ = ૨૬

ઉપરોક્ત ગુનામાં મોટર સાયકલ ઉપર બે સવારી કરી મ.પો.ક્મીશ્રીના જાહેરનામા નો ભંગ કરતા કુલ ૧૦ ગુના દાખલ કરી ૨૦ આરોપી અટક કરવામાં આવેલ છે.

કુલ ૧ ગુના માસ્ક પહેર્યા વગર શાકભાજી વેચાણ કરતા ફેરીયાનો કરવામાં આવેલ છે.

## કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી –

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા પો.કો.પંકેશભાઇ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પ્રદિપઅકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ એલ.આર. વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.

# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નરોડા પોલીસ સ્ટેશન :-</u>**

## <u>“નોવેલ કોરોના COVID-19 અનુસંધાને લોકડાઉન દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલ કુલ નંગ-૨૪ સાથે ત્રણ ઇસમોને પકડતી નરોડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના COVID-19 અનુસંધાને લોક્ડાઉન દર્મ્યાન પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા  સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે એક મહીલા  નામે (૧)મહાવીરભાઇ સ/ઓ અમરતભાઇ જાતે-બારોટ, ઉવ.૪૩, ધંધો-વેપાર, રહે. એ/૨૧, શ્રીપ્રકાશ સોસાયટી મોહનનગર નરોડા, અમદાવાદ શહેર + ૨ = ૩ નાને નરોડા શિવમ આર્કેડ હંસપુરા ગામ ની દુકાન નં. ૬૧૩ માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૪ કી રૂ. ૧૨,000/- મુદ્દામાલ સાથે તા.૨૮/૦૫/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગે પકડી  તેના વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫એઇ, ૧૧૬(બી), ૮૧ મુજબના ગુન્હાના કામે નજર કેદ રાખી સારી કામગીરી કરેલ છે.

**<u>આરોપીનુ નામ –</u>**

(૧)મહાવીરભાઇ સ/ઓ અમરતભાઇ જાતે-બારોટ઼ ઉવ.૪૩ ધંધો-વેપાર઼ રહે. એ/૨૧ શ્રીપ્રકાશ સોસાયટી મોહનનગર નરોડા઼ અમદાવાદ શહેર (૩) અલ્પેશભાઇ સ/ઓ કનૈયાલાલ જાતે-બારોટ ઉ.વ. ૪૫ ધંધો-નોકરી રહે-ડી/૨૦૨ પ્રાથના પરિષર સોસાયટી એમ.એસ.સ્કૂલની બાજુમાં હરિદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદ શહેર (૩) પિયુષભાઇ સ/ઓ ઇન્દુભાઇ જાતે-પટેલ ઉ.વ.૩૭ ધંધો-નોકરી રહે-શ્રી વરદ એંટરપ્રાઇઝ ની દુકન નં.૫૧૩ શિવમ આર્કેડ દહેગામ રોડ નરોડા અમદાવાદ

**<u>મુદ્દામાલ –</u>**

ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૪ કી રૂ. ૧૨000/-

## કામગીરી કરનાર કર્મચારી

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા પો.કો.પંકેશભાઇ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો. પીયુષ નટવરલાલ બ.નં. ૧૦૧૭૬ પો.કો. વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ એલ.આર. વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.





**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી, ૭૧ લીટર દેશી દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૭૬/૨૦૨૦**

**ખાડીયાઃ** પંકજભાઇ અમ્બાલાલ પરમાર (ઉ.વ.૪૨) (રહે. જેઠા પિતાંબરની ચાલી બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૦ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ખાડીયા હોમગાર્ડની ઓફીસ તંબુચોકી ખાતે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૧૧/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.એમ.નકુમ ચલાવે છે.

**અમરાઇવાડીઃ (૧)** રાકેશભાઇ મહેંદ્રભાઇ સાધુ (ઉ.વ.૨૬) (રહે. શંકરનગર વિભાગ-૧ ભીલવાડા અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૦ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અક્સ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવિરસિહ ધનશ્યામસિહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ (૨)** વિજયકુમાર પ્રતાપજી ચૌહાણ (ઉ.વ.૪૦) (રહે, માણેકલાલની ચાલી ચંદ્રનગરની અંદર અંબિકા હોટલ રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અક્સ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.